વ્યક્તિનો પરિચય તેના ચહેરાથી થતો હશે, પણ તેની સાચી ઓળખ તો તેની વાણીથી જ થાય
- પં.રત્નસુંદર વિજયજી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૪૩ ૧ ઓગષ્ટ ૨૦૧૨, બુધવાર, શ્રાવણ સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પુરુષોત્તમ સોલંકીને રાજીનામું આપવાનો પ્રશ્ન જ નથી : સંઘાણી

### કેબિનેટે મંત્રીને ક્લીનચીટ આપી છે અને ફરિયાદ નોંધવાથી આરોપી થવાતું નથી, ચાર્જશીટ હોય તો જુદી વાત છે : દિલીપ સંઘાણી

**(વિશેષ પ્રતિનિધિ)**

ગાંધીનગર, તા.૩૧

મત્સ્યોદ્યોગ વિભાગમાં કૌભાંડમાં રાજ્યકક્ષાના મંત્રી પુરુષોત્તમ સોલંકી દોષિત નથી તેથી મોરલ ગ્રાઉન્ડ ઉપર પણ તેમના રાજીનામાનો પ્રશ્ન ઉભો થતો નથી તેવી સ્પષ્ટતા કેબિનેટ કક્ષાના મંત્રી દિલીપ સંઘાણીએ કરી હતી.

તેમણે કહ્યુંહતુંકેફરિયાદ દાખલ કરવાની કોઈ વ્યક્તિ ગુનેગાર બની જતો નથી. જો તેમની ઉપરના આક્ષેપ પુરવાર થાય અને ચાર્જશીટ દાખલ થાય તો રાજીનામાની નોબત આવે છે, પરંતુંહાલ તેવી કોઈ શક્યતા નથી.

ગુજરાત હાઈકોર્ટેના આદેશ અને રાજ્યપાલના અભિપ્રાય અંગે તેમણે કહ્યું હતું કે અદાલતના આદેશ પ્રમાણે રાજ્યપાલે તેમનો રિપોર્ટ આપ્યો છે પરંતું રાજ્ય સરકારે આ અગાઉ પણ સ્ટેન્ડ ક્લિયર કરી દીધું છે કે પુરુષોત્તમ સોલંકી દોષિત નથી. રાજ્ય કેબિનેટનો આ નિર્ણય છે. દરમિયાન આજે પુરુષોત્તમ સોલંકી રાજ્યપાલના અભિપ્રાય સામે વિરોધ વ્યક્ત કરતી અરજી કરી દીધી છે. જેની સુનાવણી હવે પછી થશે.

મત્યોદ્યોગ વિભાગના કેબિનેટ મંત્રી તરીકેનો હવાલો મારી પાસે છે. મત્સ્ય કીટમાં જે નિયમોનું ઉલ્લંઘન થયું હતું તેમાં સરકારે અદાલતના આદેશ પ્રમાણે ફેરફાર પણ કર્યો હતો. પુરુષોત્તમ સોલંકીની જેમ મારી સામે પણ ફરિયાદ થવી જોઈતી હતી કારણ કે તે ફાઈલમાં મારી પણ સહી હતી. બલ્કે તે થઈ નથી તેથી એવું કહી શકાય નહીં કે પુરુષોત્તમ સોલંકી આ કેસમાં દોષિત છે.

મોરલ ગ્રાઉન્ડમાં રાજીનામું આપી દેવું જોઈએ તેવું તમને લાગતું નથી એવા પ્રશ્નના જવાબમાં દિલીપ સંઘાણીએ કહ્યું હતું કે મોરલ ગ્રાઉન્ડ ઉપર રાજીનામું આપવાનું થાય તો કેન્દ્ર સરકાર પણ ખાલી થઈ જાય તેમ છે. કેન્દ્રમાં ઘણાં મંત્રીઓ છે જેમની સામે ચાર્જીસ લાગેલા છે. સરકાર માને છે કે આ કીટમાં કોઈ કૌભાંડ નથી અને જે ૪૦૦ કરોડની રકમ લખવામાં આવે છે તે રકમ તો છે જ નહીં. આ વિભાગનું બજેટ આટલી રકમનું નથી.

**આવ રે વરસાદ ઢેબરીયો પરસાદ.... ખૂબ લાંબી રાહ જોવડાવીને મંગળવારે મેઘરાજાની પધરામણી થઈ પરંતુ હળવે પગલે... મન મૂકીને વરસ્યા નહીં... નવી આશા જન્માવી, કાલ મનમૂકીને વરસશે એવી ચર્ચા જગાવી, વાતાવરણમાં ઠંડક થઈ, માટીની સુગંધ પ્રસરી, ચોમાસાનો અહેસાસ થયો... થોડા ભીંજાયા, થોડા પલળ્યા... આનંદ પ્રગટ્યો... મસ્ત મહોલ થયો....**



(તસવીર : દિપક જાની)

## નાયબ ચૂંટણી કમિશનર વિનોદ ઝુત્સી પુનઃ ગુજરાત આવે છે

ગાંધીનગર, તા. ૩૧

ભારતના નાયબ ચૂંટણી કમિશનર શ્રી વિનોદ ઝુત્સી ૩જી અને ૪થી ઓગષ્ટના રોજ રાજ્યના બે દિવસના પ્રવાસે આવી રહ્યા છે.

શ્રી ઝુત્સી તેમની આ મુલાકાત દરમ્યાન સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં ચાલી રહેલી મતદારયાદી અંગેની કામગીરી બાબતે અધિકારીઓ સાથે સમીક્ષા કરશે.

તેઓ ૩જીએ સવારે ગાંધીનગર આવી રહ્યા છે. આ પછી તેઓ બપોરે મોટર માર્ગે સૌરાષ્ટ્ર જવા રવાના થશે. સૌરાષ્ટ્ર જતા પૂર્વે તેઓ રાજ્યમાં મતદારયાદી જે ૩૧ ઓગષ્ટના રોજ આખરી પ્રસિદ્ધ થવાની છે તેની વિગતો મુખ્ય ચૂંટણી અધિકારી શ્રીમતિ અનીતા કરવાલ પાસેથી મેળવશે.

ચૂંટણી પંચની મુલાકાત પછી પ્રથમવાર શ્રી ઝુત્સી ગુજરાતની મુલાકાતે આવી રહ્યા હોવાથી તેમની આ મુલાકાતને વિશેષ મહત્વની લેખવામાં આવી રહી છે.

## જિલ્લામાં હળવો વરસાદ

ગાંધીનગર, તા. ૩૧

ઘણા લાંબા સમય બાદ જિલ્લામાં મેઘરાજાના આગમનથી ખેડૂતોને તેમજ લોકોએ રાહત અનુભવી છે.

અપર એર સરક્યુલેશન સિસ્ટમને લઈ થયેલા આ વરસાદી ઝાપટા આગામી દિવસોમાં જો સિસ્ટમ ડેવલપ થશે તો મૂશળધાર વરસાદ બની વરસશે તેમ હવામાન નિષ્ણાતોનું માનવું છે. આજે ગાંધીનગર ખાતે વેધર વોચ ગૃપમાં પણ સિસ્ટમ ડેવલપમેન્ટના મુદ્દે ચર્ચાઓ થઈ હોવાનું જાણવા મળેલ છે.

### ખેડૂતોને રાહતરૂપ પુરવાર થશે

દરમ્યાન જિલ્લામાં આજે નોંધાયેલા હળવા વરસાદને કારણે કપાસ, જુવાર, ગુવાર સહિતના પાકોને પાણી મળ્યુ છે તેમજ જમીનમાં ભેજ પણ ઉભો થતાં ખેડૂતોએ રાહત અનુભવી છે. જો કે ખેડૂતો હજુ પણ સારા વરસાદની આશા રાખી રહ્યા છે.

ગઈકાલ રાતથી શરૂ થયેલા હળવા ઝાપટાને પગલે ગાંધીનગર તાલુકામાં ૪ મિ.મિ., માણસામાં ૮ મિ.મિ. તથા કલોલમાં ૧ મિ.મિ. જેટલો વરસાદ નોંધાયો છે.

જિલ્લામાં થયેલા આ હળવા વરસાદને લઈ આજે આખો દિવસ વાદળછાયુ વાતાવરણ રહ્યુ હતુ. મેઘાડંબર પણ જોર દેખાયો હતો પરંતુ તે વાદળાં રાજસ્થાન તરફ ફંટાઈ ગયા હોવાનું મનાઈ રહ્યુ છે. આજે વરસાદના હળવા ઝાપટાના કારણે વાતાવરણમાં પણ ફેરફાર નોંધાયો છે.



રક્ષાબંધન હવે હાથવેંતમાં છે ત્યારે રાખડીની ખરીદી માટે બજારોમાં ભીડ દેખાઈ રહી છે....

## ત્રીજી ઓગષ્ટે કેન્દ્ર સમક્ષ અછત રાહતનો માસ્ટર પ્લાન રજૂ કરાશે

### વિભાગોને પ્લાન બનાવવાની સૂચના આપી દેવામાં આવી છે

### ખેડૂતોએ હવે પાકમાં બદલાવ કરવો પડશે, ઘાસચારો ઉપલબ્ધ

(વિશેષ પ્રતિનિધિ)

ગાંધીનગર, તા.૩૧

ગુજરાતમાં અપૂરતા વરસાદથી ઉભી થયેલી વિકટ પરિસ્થિતિમાં કેન્દ્રીય ટીમની મુલાકાત સમયે અછત રાહતનો માસ્ટરપ્લાન રજૂ કરવામાં આવનાર છે. રાજ્ય સરકારે જિલ્લાઓના સર્વે પ્રમાણે વિભાગોને પ્લાન રજૂ કરવાની તાકીદ કરી છે.

કેન્દ્રીય કૃષિ મંત્રી શરદ પવાર ૩જી ઓગષ્ટે ગુજરાતની એક દિવસની મુલાકાતે આવી રહ્યાં છે ત્યારે તેમની પાસે આર્થિક મદદ માગવામાં આવશે. તેમની સાથે કૃષિ વિભાગના ઉચ્ચ અધિકારીઓ પણ આવી રહ્યાં છે.

રાજ્યના કૃષિમંત્રી દિલીપ સંઘાણીએ કહ્યું હતું કે ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં અછતની સ્થિતિ દેખાઈ રહી છે. હાલ ગયા વર્ષની સ્થિતિએ ૬૨ ટકા વાવેતર થયું છે તેથી ૪૦ ટકા વાવેતર વિસ્તારની ઘટ વર્તાઈ રહી છે. મગફળીના પાકમાં વાવેતર ઓછું છે. હવે વરસાદ પડશે તો પણ બીટી કપાસ થઈ શકશે નહીં, એટલે ખેડૂતોએ દેશી કપાસ ઉગાડવો પડશે.

કૃષિમંત્રીએ કહ્યું કે હાલ પશુઓને ઘાસચારો આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ૨૦ કિલોગ્રામ ઘાસ આપવામાં આવ્યું છે. એ ઉપરાંત પાણી અને બિયારણની વ્યવસ્થા કરવાની થાય છે. અછતની સ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકાર પાસે સીઆપએફના નાણાં છે પરંતું કેન્દ્ર પાસે અન્ય રાજ્યોની જેમ આર્થિક મદદ માગવામાં આવશે.

કેન્દ્ર પાસે કેટલી મદદ માગશો તેવા પ્રશ્નના જવાબમાં મંત્રીએ કહ્યું કે હજી વિભાગોના માસ્ટરપ્લાન બની રહ્યાં છે તે પછી રકમ નક્કી થશે. હાલ વરસાદની એવરેજ ૨૧ ટકા થઈ છે જે પૈકી કચ્છમાં માત્ર ૨.૪૭ ટકા વરસાદ થયો છે. ૧૫ ટકા સૌરાષ્ટ્રમાં છે. મધ્ય ગુજરાતમાં ૨૧ ટકા અને દક્ષિણ ગુજરાતમાં ૨૯ ટકા થયો છે. ઉત્તર ગુજરાતમાં સરેરાશ ૨૩ ટકા વરસાદ છે.

રાજ્ય સરકારના એક અંદાજ પ્રમાણે ૧૧૯ તાલુકા અછત પ્રભાવિત થઈ શકે છે, કારણ કે આ વિસ્તારોમાં પાંચ કે તેથી ઓછા ઈંચનો વરસાદ નોંધાયો છે. સરકાર આનાવારી પણ નક્કી કરશે.

ઉલ્લેખનીય છે કે અછત રાહતમાં રાજ્ય સરકારે અગાઉ પણ કેન્દ્ર પાસે ૧૦૦૦ કરોડ કે તેનાથી ઉપરની રકમ માગી છે પરંતું કેન્દ્ર સરકારનું વલણ એવું રહ્યું છે કે પહેલાં સીઆરએફના નાણાં વાપરો, પછી કેન્દ્ર મદદ કરશે. આ સંજોગોમાં ગુજરાતને ફાળે ૧૦૦ થી ૧૫૦ કરોડ ફાળવાય તેવી સંભાવના છે.

## વીજ કટોકટી છે ત્યારે હવે તો પ્રધાનમંત્રી જાગો : મોદી

ગાંધીનગર, તા.૩૧

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ દેશના ૧૯ રાજ્યોને વીજલીના અભાવે અંધકારમાં ધકેલી દેવા અંગે ટ્વીટર ઉપર ભારતના વડાપ્રધાન ડો.



મનમોહનસિંહને ઢંઢોળતા એવી તીવ્ર પ્રતિક્રિયા વ્યક્ત કરી છે કે ૧૯ રાજ્યોની ૬૦ કરોડની જનતા પ્રધાનમંત્રી પાસેથી તેમના ગઠબંધનના ધર્મ વિશે જાણવા આતુર છે. આર્થિક વ્યવસ્થાપનનું દારિદ્રય ધરાવતી યુપીએ સરકારે આમ માનવીના ખિસ્સા ખાલીખમ કરી નાંખ્યા છે. મોંઘવારી ફુગાવાથી સામાન્ય માનવીના પેટની ભૂખ સંતોષાતી નથી. અને હવે વીજળીના અભાવે જીવનને અંધકારમાં ધકેલી દીધું -પ્રધાનમંત્રી ક્યારે જાગશો ?

## ગાંધીનગર મેડીકલ કોલેજ આજથી કાર્યાન્વિત બનશે

### નગરના ૪૭મા વર્ષના અંતિમ દિને મેડીકલ કોલેજનું સ્વપ્ન સાકાર બન્યું

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રથમ શૈક્ષણિક સત્રનો આજથી આરંભ થઈ રહ્યો છે. ૧૨૭ વિદ્યાર્થીઓ સાથે આ શૈક્ષણિક સત્રનો આરંભ સવારે ૧૦ વાગે થશે. શહેરની સ્થાપનાના ૪૭ વર્ષના અંતિમ દિવસે અને ૪૮૭મા સ્થાપના દિનની ઉજવણી પૂર્વે આ શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે તે યોગાનુયોગ છે.

આજે કોલેજ કેમ્પસના લાયબ્રેરી હોલમાં વિદ્યાર્થીઓ અને કોલેજના અધ્યાપકો વચ્ચે ઓળખવિધિ તેમજ કોલેજના રૂલ્સ અને રેગ્યુલેશનની સમજ આપવા સાથે પ્રથમ વર્ષમાં ભણવાના અભ્યાસક્રમ વિશેની જાણકારી આપવામાં આવશે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ પ્રથમ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીને એનોટોમી, ફીઝીયોલોજી અને બાયોકેમેસ્ટ્રી જેવા મહત્વના વિષયો શીખવવામાં આવશે.

મેડીકલ કોલેજમાં એક એનોટોમી મ્યુઝિયમ તેમજ લેબ પણ બનાવવામાં આવી છે. કોલેજમાં ૧૨૭ બેઠકો પર પ્રવેશ સેન્ટ્રલ એડમિશન કમિટીએ આપ્યો છે અને તમામ વિદ્યાર્થીઓએ પોતાનો હાજર રિપોર્ટ કોલેજ સત્તાવાળાઓને આપી દીધો છે.

એન.આર.આઈ. ક્વોટાની ૨૩ બેઠકો કોર્ટ મેટરને લઈ ખાલી પડી છે. જે કોર્ટનો ચુકાદો આવ્યા બાદ ભરવાની પ્રક્રિયા હાથ ધરાશે.

આજથી ગાંધીનગર મેડીકલ કોલેજના પ્રથમ શૈક્ષણિક સત્રનો આરંભ થઈ રહ્યો હોવાથી હવે ગાંધીનગર સાચા અર્થમાં નોલેજ હબ બન્યુ છે. શહેરમાં ફોરેન્સીક સાયન્સ યુનિ., નેશનલ લો યુનિ., કડી સર્વ વિશ્વ વિદ્યાલય યુનિ. જેવી ત્રણ યુનિ.ના સંકુલો ધરાવે છે. જેને પગલે આ નગરમાં હવે તમામ અભ્યાસક્રમો ઉપલબ્ધ બન્યા છે. મેડીકલનો અભ્યાસક્રમ પણ આ વર્ષથી જ આરંભાઈ રહ્યો છે.

ગાંધીનગર મેડીકલ કોલેજને મેડીકલ કાઉન્સીલે આ વર્ષે જ મંજૂરી આપી છે. કોલેજના શૈક્ષણિક સત્રનો આરંભ ૨૦૧૧-૧૨માં કરવાનો લક્ષ્યાંક હતો પરંતુ મંજૂરી ન મળતાં હવે ૨૦૧૨-૧૩માં આ મંજૂરી મળતાં તેનો પ્રારંભ થઈ રહ્યો છે જે ઉલ્લેખનીય છે.

મેડીકલ કોલેજના આરંભ પૂર્વે જ ત્રણ ડીન બદલાઈ ચુક્યા છે. બે વર્ષના ટુંકા ગાળામાં જ આ કોલેજનું નિર્માણ કાર્ય હાથ ધરાયું છે. અને આગામી એક વર્ષમાં સંપન્ન થશે તેવો અંદાજ છે. મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાએ પ્રથમ વર્ષના અભ્યાસક્રમ માટે મંજૂરી આપી છે હવે નવા શૈક્ષણિક સત્ર વખતે વધુ એક વખત ઈન્સ્પેકશન કરી આગળની મંજૂરી આપશે.


LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬





